# મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરાના વિધાર્થીઓની મુલાકાત

અત્રેના મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરા માં અભ્યાસ કરતાં કુલ ૮૧ વિધાર્થી તેમજ વિધાર્થીનીઓએ શૈક્ષણિક પ્રવાસ અર્થે તા.૧૦/૦૭/૨૦૨૪ રોજ અત્રેના મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીધેલ. આ અન્વયે મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વડાશ્રી ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી), મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર ધ્વારા જુદા જુદા શાકભાજી પાકોમાં સંશોધન અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. આ મુલાકાત દરમ્યાન વિવિધ શાકભાજી પાકોની જાતો તેમજ તેના સુધારણા અંગેના કાર્યક્રમની તથા રીંગણ, મરચા, ટામેટા વિગેરે પાકોમાં વિવિધ અખતરાઓ તથા બીજ ઉત્પાદન કાર્યક્રમની વિસ્તૃત માહિતી  આ ડૉ. સી. કે. બોરડ સહ સંશોધનએ આપેલ. આ ઉપરાંત શાકભાજી પાકોમાં જીવાતો તેમજ રોગોની સમસ્યા અને તેના નિરાકરણના ઉપાયો વિશે સમજ આપી. વિધાર્થીઓને શાકભાજી પાકો વિશે સચોટ તેમજ ગહન સમજ આપવા બદલ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરાના પ્રતિનિધિ શ્રી મનોજભાઈ અગ્રાવત તેમજ શ્રી ધીરુભાઈ  રાઠોડ દ્વારા આ કેન્દ્રનો આભાર વ્યકત કરવામાં આવેલ.

